# :: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) મુજબનું જાહેરનામું.

ક્રમાક:ટ્રાફિક/મહોરમ-તાજીયા/જાહેરનામું/ ૭૪૦૮ /૨૦૨૪

પોલીસ કમિશ્નરની કચેરી,
સુરત શહેર.
તા.૧૫/૦૭/૨૦૨૪

સુરત શહેર ખાતે તા.૧૭/૦૭/૨૦૨૪ નાં રોજ મુસ્લીમ સંપ્રદાયનો તહેવાર "મોહરમ (તાજીયા)" હોય તાજીયા વિસર્જનના આગલા દિવસે રાત્રે શહાદતની રાત તથા તાજીયા વિસર્જનના દિવસે તાજીયાના ઝુલુસ(સરઘસ)માં તાજીયા, અખાડા, સવારી(પંજા), પાણીના વાહન તથા વાજીંત્રો(સ્પીકર) સાથે સરઘસ કાઢવામાં આવે છે. તાજીયાના આ સરઘસમાં મુસ્લીમ સંપ્રદાયના લોકો મોટા પ્રમાણમાં જોડાય છે. તેમજ હિન્દુ તથા અન્ય સંપ્રદાયના લોકો પણ તાજીયાના દર્શન કરવા માટે ભેગા થતાં હોય છે.

આ "મહોરમ" (તાજીયા)ના તહેવારમાં તા.૧૬/૦૭/૨૦૨૪ના રોજ શહાદતની રાત તથા તા.૧૭/૦૭/૨૦૨૪ ના "તાજીયા વિસર્જન"ના જુલુસ દરમ્યાન સમગ્ર સુરત શહેરમા ટ્રાફિક વ્યવસ્થા જળવાઇ રહે તે માટે તા.૧૬/૦૭/૨૦૨૪ ની શહાદતની રાત તથા તા.૧૭/૦૭/૨૦૨૪ ના રોજ તાજીયા વિસર્જનના સરઘસ દરમ્યાન જાહેર જનતાના હિતાર્થે ટ્રાફિક નિયમન સરળતાથી થઇ શકે અને કાયદો વ્યવસ્થાની પરિસ્થીતી જળવાઇ રહે તે માટે દિલ્લીગેટથી જુની લાલગેટ, નાનાવટી રોડ, ક્રાઉન ડેરી ચાર રસ્તાથી હોળી બંગલા સુધીના માર્ગ પર કોઇ પણ પ્રકારના વાહનો પાર્ક કરવા પર પ્રતિબંધ ફરમાતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવુ ખુબજ અગત્યનુ જણાય છે.

## :: હુકમ ::

વાસ્તે હું અનુપમ સિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તા.૧૬/૦૭/૨૦૨૪ ની શહાદતની રાત તથા તા.૧૭/૦૭/૨૦૨૪ ના રોજ તાજીયા વિસર્જનના સરઘસ દરમિયાન નીચે મુજબની તારીખ, સમય તથા જગ્યાએ રસ્તા ઉપર વાહન પાર્ક કરવા તથા વાહન વ્યવહાર માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

## :: શહાદતની રાત પ્રતિબંધિત કૃત્ય અને વિસ્તાર ::

તા.૧૬/૦૭/૨૦૨૪ ના કલાક.૧૯/૦૦ થી ૨૪/૦૦ સુધી તથા તા.૧૭/૦૭/૨૦૨૪ ના કલાક.૦૦/૦૦ થી કલાક.૦૩/૦૦ સુધી

| અ.નં. | બંધ કરેલ માર્ગ | વૈકલ્પિક માર્ગ |
|---|---|---|
| ૧ | એર ઇન્ડિયાથી કોટ-સફિલ રોડ, કરવા રોડ, બેગમપુરા ચોકી થઇ મુંબઇવડ થઇ સહારા દરવાજા સુધીનો માર્ગ | સલાબતપુરા વિસ્તાર તરફ અને ઝાંપાબજાર થઇ દિલ્હિગેટ તથા રિંગ રોડ તરફ જઇ શકાશે. |
| ૨ | સળીયાવાળા માર્કેટથી ટાવર સુધીનો માર્ગ | સળીયાવાળા માર્કેટથી આંતરિક ગલીઓનો ઉપયોગ કરી રિંગરોડ તરફ જઇ શકાશે. |

# :: તાજીયા વિસર્જન પ્રતિબંધીત વિસ્તાર અને કૃત્ય ::

તા.૧૭/૦૭/૨૦૨૪ ના કલાક-૧૨/૦૦ થી વિસર્જન પૂર્ણ થાય ત્યાં સુધી

| અ.નં. | બંધ કરેલ માર્ગ | વૈકલ્પિક માર્ગ |
|---|---|---|
| ૧ | દિલ્લીગેટથી જુની લાલગેટ, નાનાવટી રોડ, ક્રાઉન ડેરી સુધીનો બન્ને તરફનો આવવા જવાનો રસ્તો બંદ રહેશે. | દિલ્લીગેટથી જુની લાલગેટ, નાનાવટી રોડ, ક્રાઉન ડેરી થઇ રાંદેર તરફ જવા માટે દિલ્લીગેટથી રિંગરોડ થઇ સરદાર બ્રિજ અને ગોટાલાવાડીથી કતારગામ દરવાજા થઇ જીલાની બ્રિજથી જઇ શકશે. તથા રાંદેર તરફથી સ્ટેશન તરફ જવા માટે તમામ પ્રકારના વાહનો સરદાર બ્રિજથી રિંગરોડ તથા જીલાની બ્રિજ થઇ રેલ્વે સ્ટેશન જઇ શકશે. |
| ૨ | ક્રાઉન ડેરી ચાર રસ્તાથી વેડ દરવાજા સુધીનો બન્ને તરફનો આવવા જવાનો રસ્તો બંદ રહેશે. | હોપ પુલ, જીલાની બ્રિજથી કતારગામ-રાંદેર તરફ તે જ રીતે અઠવા રિંગ રોડ તરફ જઇ શકાશે. |
| ૩ | હોળી બંગલાથી કતારગામ દરવાજા સુધીનો બન્ને તરફનો આવવા જવાનો રસ્તો બંદ રહેશે. | વેડ દરવાજાથી જીલાની બ્રિજ નો ઉપયોગ કરી રાંદેર તરફ જઇ શકાશે. |
| ૪ | ભાગળ ચાર રસ્તાથી નવસારી બજાર ચાર રસ્તા સુધીનો બન્ને તરફનો આવવા જવાનો રસ્તો બંદ રહેશે. | આંતરિક ગલીઓનો ઉપયોગ કરી શકાશે. |
| ૫ | નવસારી બજાર ચાર રસ્તાથી ઉધના દરવાજા સુધીનો બન્ને તરફનો આવવા જવાનો રસ્તો બંદ રહેશે. | ઉધના દરવાજાથી રિંગ રોડ તરફ તથા નવસારી બજારથી મકાઇપુલ તરફ જઇ શકાશે. |
| ૬ | સળીયાવાળા માર્કેટથી ટાવર સુધીનો બન્ને તરફનો આવવા જવાનો રસ્તો બંદ રહેશે. | બેગમપુરા ચોકીથી આંતરિક ગલીઓનો ઉપયોગ કરી શકાશે. |
| ૭ | કાંસકીવાડ થી ભાગળ સુધીનો બન્ને તરફનો આવવા જવાનો રસ્તો બંદ રહેશે. | કાંસકીવાડ ત્રણ રસ્તાથી આંતરિક ગલીઓનો ઉપયોગ કરી શકાશે. |
| ૮ | સહારા દરવાજાથી મોતી સિનેમા સુધીનો બન્ને તરફનો આવવા જવાનો રસ્તો બંદ રહેશે. | સલાબતપુરા બેગમપુરા અને ઝાંપાબજાર વિસ્તારના વાહનો આંતરિક ગલીઓનો ઉપયોગ કરી કિન્નારી સિનેમા થઇ રિંગરોડ થઇ રેલવે સ્ટેશન તરફ જઇ શકશે. |

## :: વાહન પાર્કિંગ પ્રતિબંધ ::

તા.૧૭/૦૭/૨૦૨૪ ના રોજ તાજીયા વિસર્જન સરઘસના દિવસે દિલ્લીગેટથી જુની લાલગેટ, નાનાવટી રોડ, ક્રાઉન ડેરી ચાર રસ્તાથી હોળી બંગલા સુધીના માર્ગ પર કોઇ પણ પ્રકારના વાહનો પાર્ક કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

## :: અપવાદ ::

આ પ્રતિબંધ ગુજરાત રોડ ટ્રાન્સપોર્ટ(એસ.ટી.)ની બસો સરકારી આવશ્યક સેવાના વાહનો, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડના વાહનો તથા પોલીસના વાહનોને આ જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાયિક સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એક્ટ-૧૯૫૧ ની કલમ-૧૩૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૬ /૦૭/૨૦૨૪ નાં રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશનર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧, સુરત શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૨, ક્રાઇમ, તથા ટ્રાફિક, સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

સવિનય નકલ રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ, સુરત.

(૬) કલેકટરશ્રી, સુરત શહેર.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર.

(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.

(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.

(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.

(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.

(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર. (નાનપુરા બહુમાળી સુરત)

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત)

(૧૯) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)